# મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર

પંચમહાલ સમાચાર

## સંતરામપુર તાલુકાના મોટાભાગના પીકઅપ સ્ટેશન જર્જરીત હાલતમાં



સંતરામપુર, સંતરામપુર તાલુકાના મોટાભાગના પિકઅપ બસ સ્ટેશન જર્જરીત હાલતમાં બન્યા. પંચાયત અને એસટી વિભાગ દ્વારા ગામડે ગામડે વર્ષો પહેલા પીકઅપ બસ સ્ટેન્ડ ઉભા કરવામાં આવેલા હતા, પરંતુ અત્યારે સંતરામપુર તાલુકાના અંદાજીત ૧૫૦ જેટલા ગામડામાં અલગ અલગ જગ્યાએ પીકપ બસ સ્ટેશન બનાવવામાં આવેલા હતા. અત્યારે દરેક જગ્યાએ આ બસ સ્ટેશનો બિનઉપયોગી બન્યા અને જર્જરીત હાલતમાં જોવા મળી આવેલા છે. કેટલાક પીકઅપ બસ સ્ટેશનમાં તેનો દૂર ઉપયોગ પણ થઈ રહ્યો કેટલીક જગ્યાએ નાઈની દુકાન ખોલવામાં આવેલી છે. જ્યારે કેટલીક જગ્યાએ તેની અંદર બળતર લાકડા ભરવામાં આવેલા છે, જ્યારે કેટલીક જગ્યાએ ઘાસ ભરવામાં આવેલું છે. આવી રીતે સંતરામપુર તાલુકાના મોટાભાગના ગામડાઓમાં પીકપ બસ સ્ટેશન જોખમી અને જર્જરીત હાલતમાં જોવા મળી આવેલા છે. જ્યારે કેટલીક જગ્યાએ તૂટીને પડી ગયેલા જોવા મળી આવેલા છે, પણ તંત્ર દ્વારા અત્યાર સુધી કોઈ ઘ્યાન આપવામાં આવેલું જ નથી. સંતરામપુર તાલુકાના મોટીરેલ, સુરપુર, કણજરા, ભુગળ, ઝાલા, પાટેડી, વાંદરીયા વિવિધ ગામોમાં આ જ પરિસ્થિતિ જોવા મળી આવેલી છે.

## મહીસાગર જીલ્લામાં મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું

મહીસાગર, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, કોર્પોરેટ ઓફિસ, વડોદરા દ્વારા આજ રોજ મહીસાગર જીલ્લાના સંતરામપુર અને કડાણા તાલુકામાં વીજ ચેકિંગ હાથ ધરવામાં આવેલ હતી. જેમાં કુલ ૧૯ જેટલી વીજ ચેકિંગ ટીમ દ્વારા વીજ ચેકિંગ હાથ ધરવામાં આવેલ. મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકામાં કુલ ૨૫૧ જેટલા વીજ જોડાણ ચેક કરવામાં આવેલ તેમાં ૨૧ વીજ જોડાણ વીજ ચોરી કરતાં માલૂમ પડેલ. જેનું વીજ ચોરીનું અંદાજીત બીલ રૂપિયા ૩.૫૩ લાખ જેટલું થાય છે અને કડાણા તાલુકામાં ૨૧૩ વીજ જોડાણ ચેક કરવામાં આવેલ તેમાં ૪૩ વીજ જોડાણ વીજ ચોરી કરતાં માલૂમ પડેલ. જેનું વીજ ચોરીનું અંદાજીત બીલ રૂપિયા ૭.૮૮ લાખ જેટલું થાય છે.

આમ, મહીસાગર જીલ્લાના સંતરામપુર અને કડાણા તાલુકાના કુલ ૪૬૪ જેટલા વીજ જોડાણ ચેક કરવામાં આવેલ હતા. વીજ જોડાણ માંથી કુલ ૬૪ જેટલા વીજ જોડાણોમાં ગેરરીતિ એટલે કે વીજ ચોરી કરતાં પકડાયેલ છે. જેનું વીજ ચોરીનું અંદાજીત બીલ રૂપિયા ૧૧.૪૧ લાખ જેટલું થાય છે. આમ, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા અચાનક સરપ્રાઈઝ વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું.

## મહીસાગર જીલ્લાના કાનેલા અને ગરિયા ખાતે જાહેર ડાયરાનું આયોજન

મહીસાગર, ગુજરાત રાજ્ય સંગીત કલા અકાદમી દ્વારા મહીસાગર જીલ્લાના લુણાવાડા તાલુકાના કાનેલા ખાતે તા. ૦૭-૧૨-૨૦૨૪ નારોજ રાત્રે ૦૮:૦૦ કલાકે આકાશ વાણી કલાકાર આલાપ નટવર તૂરી અને ગરિયા ગામ ખાતે તા. ૦૮-૧૨-૨૦૨૪ નારોજ રાત્રે ૦૮:૦૦ કલાકે ઇન્ટરનેશનલ કલાકાર વિજાનંદ તૂરી દ્વારા જાહેર ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ડાયરામાં સર્વે નાગરિકોને ભાગ લેવા જણાવવામાં આવે છે.

## સીંગવડના છાપરવડ ગામે કુવામાંથી પરિણીતાનો મૃતદેહ મળ્યો

સીંગવડ, સીંગવડ તાલુકાના છાપરવડ ગામે એક પરિણિત મહિલાનો મૃતદેહ કુવામાંથી મળી આવતા ચકચાર મચી જવા પામી છે. મરણ જનાર મહિલાના પરિવારજનોએ સારસી પક્ષ સામે તેમની દિકરીની હત્યા કરાઈ હોવાના આક્ષેપો કરતા પોલીસે મૃતક મહિલાના મૃતદેહને પેનલ પી.એમ.અર્થે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. છાપરવડ ગામની ૨૫ વર્ષિય પરિણીત મહિલા સોનલબેનનો મૃતદેહ ગામના કુવામાંથી મળી આવતા ગ્રામજનો કુવા ખાતે દોડી ગયા હતા. મહિલાના મરણ અંગેની જાણ તેમના પિયર પક્ષના લોકોને કરવામાં આવતા મહિલાના પિયર પક્ષના લોકો પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આ દરમિયાન ગ્રામજનોએ ઘટનાની જાણ પોલીસને કરતા સીંગવડ પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી પંચનામુ કર્યા બાદ મૃતક સોનલબેનના મૃતદેહને કુવામાંથી બહાર કાઢવાની તજવીજ હાથ ધરી હતી. આ દરમિયાન સોનલબેનના માતા-પિતા તેમજ પરિવારજનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા હતા કે, તેમની દિકરીને તેમના સાસરી પક્ષ વાળાએ મારીને કુવામાં ફેંકી દીધી છે. જે બાદ પોલીસે સોનલબેનના મૃતદેહને પેનલ પી.એમ.અર્થે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડી મરણ જનાર મહિલા સોનલબેનની હત્યા થઈ છે કે આત્મહત્યા કરી છે તે અંગે તપાસ હાથ ધરી છે.

## બાલાસિનોરમાં વિશ્વ વિકલાંગ દિવસની ઊજવણી



બાલાસિનોર, બાલાસિનોરમાં આરંભ ડે કેર સેન્ટરના દિવ્યાંગ બાળકો ,વાલીઓ અને શિક્ષકોની રેલી અને વિવિધ કાર્યક્રમો સાથે વિશ્વ વિકલાંગ દિનની ઊજવણી કરવામાં આવી હતી. આરંભ ડે કેર સેન્ટરમાં દિવ્યાંગ બાળકો, વાલીઓ અને તાલુકામાં વિવિધ ક્લસ્ટરના સમગ્ર ied- સ્ટાફની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં દિવ્યાંગ માટે સરકારની યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. તેમજ દિવ્યંગોની માવજત અંગે માતા પિતાએ રાખવાની કાળજીની સમજ આપવામાં આવી હતી. ત્યારબાદ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. રેલી નગરના સલિયવડી દરવાજાથી વીરપુર રોડ, રાજપુરી દરવાજા થઈ બી.આર.સી.ભવન પહોંચી હતી. વસ્ત્રાપુર અંધજન મંડળના મિહિરભાઈ જાનીએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત વી હેચેર સંસ્થા દ્વારા એચ.આઇ. બાળકોનું ઓડિયો ગ્રામ કાઢી જરૂરિયાતમંદના હિયેરિંગ એડની કાર્યવાહી કરવામાં આવી હતી.

## ભારતને બાળ વિવાહ મુક્ત બનાવવાનો પ્રયાસ



નડિયાદ, બાળ વિવાહ મુક્ત ભારત અભિયાન અંતર્ગત ખેડા જીલ્લાની નગર પ્રાથમિક શાળા નં.૨૪, નડિયાદ ખાતે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હેઠળ જીલ્લા બાળ સુરક્ષા એકમ, નડિયાદ દ્વારા બાળલગ્ન, બાળકોને લગતી બાળ સુરક્ષા અને સમાજ સુરક્ષાની યોજનાઓ તેમજ બાળકોના અધિકારો બાબતે બાળકો તેમજ શિક્ષકોને માહિતીગાર કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ ૨૦૦૬ વિશે સરળ ભાષામાં સમજૂતી આપવામાં આવી હતી. કાયદા અનુસાર દીકરીની ઉંમર ૧૮ વર્ષ અને દીકરાની ઉંમર ૨૧ વર્ષથી ઓછી હોય તો તેવા લગ્નને બાળ લગ્ન ગણાય અને આ ગુના બદલ બાળકના માતા પિતા તેમજ લગ્નમાં સહભાગી થનાર તમામ વ્યક્તિ સામે એક લાખનો દંડ અને બે વર્ષની સજાની જોગવાઈ વિશે સમજૂતિ આપવામાં આવી હતી. જો કોઈ બાળ લગ્ન વિશે માહિતી મળે તો ૧૦૯૮ હેલ્પલાઈન, ૧૦૦ નંબર, ૧૮૧ મહિલા હેલ્પલાઈન તથા બાળ લગ્ન પ્રતિબંધકની કચેરીમાં જાણ કરવા જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ બાળ લગ્ન મુક્ત ભારત અભિયાન અંતર્ગત અંદાજે ૧૧૦ જેટલા બાળકો તથા સ્ટાફ દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

## મહિસાગર જિલ્લામાં ૪૬૪૨ રજીસ્ટ્રેશનની સામે ૯૭૭ ખેડુતો આવ્યા

વિરપુર, માર્કેટ કરતા ખેડુતોને અનાજના સારા ભાવ મળે તે માટે સરકાર દ્વારા ટેકાના ભાવે અનાજ ખરીદી કરવામાં આવે છે. મહિસાગર જિલ્લામાં ચાલુ વર્ષે ૪૧ હજાર હેકટરમાં ડાંગરનુ વાવેતર કરવામાં આવ્યુ છે. ઉત્પાદનમાં વધારો થવાથી સરકાર દ્વારા ડાંગરની લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી કરવા જાહેરાત કરાઈ હતી. જેમાં મહિસાગર જિલ્લામાંથી ૪૬૪૨ ખેડુતોએ ઓનલાઈન નોંધણી કરાવી હતી. સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ખરીદી કરવાનુ નકકી કરાતા ખેડુતોમાં ખુશી જોવા મળી હતી. ખેડુતોને પોષણક્ષમ ભાવ મળી રહે તેને માટે ડાંગર માટે રૂ.૪૬૦ જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ૧ નવેમ્બરથી ડાંગર ખરીદી શરૂ કરવામાં આવી હતી. જેમાં ૯૭૭ ખેડુતોએ ૩ લાખ મણ ડાંગર સરકારી ટેકાના ભાવે આપી હતી. પરંતુ ટેકાના ભાવ કરતા માર્કેટમાં ૪૬૦ થી ૪૮૦ ભાવ મળતા ખેડુતોએ ટેકાના ભાવે ડાંગર આપવાનુ ઓછુ કર્યુ હતુ. અને હજુ જોડા દિવસમાં વધુ ભાવ વધવાની શકયતા દેખાઈ રહી છે. ત્યારે સરકારી ટેકાના ભાવે આપેલ ૯૭૭ ખેડુતોએ માર્કેટ ભાવ કરતા ઓછા મળતા ખેડુતોમાં રોષ જોવા મળ્યો હતો. ગત વર્ષે બાજરીની ખરીદીમાં ૬૦ રૂપિયા અલગથી બોનસ આપવામાં આવ્યા તેમ ડાંગરમાં પણ અલગથી બોનસ આપવામાં આવે તેવી ખેડુતોએ માંગ કરી હતી.

## અધિક નિવાસી કલેકટરના અધ્યક્ષ સ્થાને આરોગ્ય વિભાગની વિવિધ બેઠકો યોજાઈ



નડિયાદ, અધિક નિવાસી કલેકટર જે.બી.દેસાઈના અધ્યક્ષ સ્થાને કલેકટરની કચેરી, નડિયાદ ખાતે સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતિની મીટીંગ અને ટીબીના કેસમાં નોંધપાત્ર ઘટાડો લાવવા માટે ''૧૦૦ દિવસ કેમ્પેઈન'' સંદર્ભે બેઠક યોજાઈ હતી.

સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતિની બેઠકમાં ખેડા જીલ્લામાં ઝ્ઞઝ્ઞક્ષઝ્ઞશિંભ (પ્રતિસંચારિત) ડીઝીઝની પરિસ્થિતિ અંગે, એન્ટી એપેડમીક દવાઓ અને ક્લોરીનેશન, ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વોટર ક્વોલિટી મોનેટરીંગ, કલાઈમેન્ટ ચેન્જ અને હ્યુમન હેલ્થ જેવા વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં અધિક નિવાસી કલેકટર દ્વારા રોગચાળાની શકયતા નિવારવા માટે ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીમાં નિયમિત ક્લોરીનેશનની કામગીરી વધુ સઘન કરવા સૂચના આપવામાં આવી હતી.

જયારે ટીબી રોગના કેસમાં નોંધપાત્ર ઘટાડો લાવી જાહેર આરોગ્યમાં સુધારો લાવવા માટે ''૧૦૦ દિવસ કેમ્પેઈન'' વિષયક બેઠકમાં ટીબી રોગથી અસરગ્રસ્તને શોધી તેને યોગ્ય સારવાર મળે તેની ખાસ તકેદારી રાખવા સૂચના આપવામાં આવી હતી. જરૂરિયાતમંદને યોગ્ય ન્યુટ્રિશનલ સપોર્ટ મળી રહે તે માટે પણ યોગ્ય પ્રયાસ કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં નાયબ જીલ્લા વિકાસ અધિકારી, કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન (પંચાયત), મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, તાલુકા હેલ્થ ઓફિસર, અર્બન હેલ્થ ઓફિસર અને ચીફ ઓફિસર સહિત વહીવટી તંત્રના તમામ ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આદિજાતિ જન ઉત્કર્ષ મહોત્સવ અને બાબા સાહેબ આંબેડકર મહાપરીનિર્વાણ દિવસ લુણાવાડા ખાતે યોજાશે

મહીસાગર, આદિજાતિ જન ઉત્કર્ષ મહોત્સવ - ૨૦૨૪ અને બાબા સાહેબ આંબેડકર મહાપરીનિર્વાણ દિવસ અંતર્ગત આદિજાતિ વિકાસ ગાથા અને સાંસ્કૃતિક પ્રદર્શન કેબિનેટ કક્ષાના આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરના અધ્યક્ષ સ્થાને અને રાજ્યમંત્રી આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ મંત્રી કુંવરજી હળપતિ અને રાજ્ય કક્ષાના પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડની વિશેષ ઉપસ્થિતિમાં ૦૬ ડિસેમ્બરના રોજ લુણાવાડા ઈન્દિરા મેદાન ખાતે કાર્યક્રમ યોજાશે.

જેને અનુલક્ષી આજ રોજ ઈન્દિરા મેદાન ખાતે રિહર્સલ કાર્યક્રમ યોજાયો. કલાકારો દ્વારા આદિવાસી નૃત્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમનું રિહર્સલ કરવામાં આવ્યું હતું અને અધિકારીઓ વિવિધ કામગીરીઓ વિશે માહિતગાર કર્યા હતા.

રિહર્સલ કાર્યક્રમમા અધિક નિવાસી કલેકટર સી.વી.લટા, પ્રાયોજના વહીવટદાર યુવરાજ સિદ્ધાર્થ, લુણાવાડા પ્રાંત અધિકારી આનંદ પાટીલ, ખેતીવાડી અધિકારી સહિત સંકલનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દે.બારીઆના ભુવાલમાં ખેતરમાં મકાઈ સાચવવા ગયેલ યુવક પર રીંછનો હુમલો

દે.બારીઆ, દે.બારીઆના ભુવાલમાં વહેલી પરોઢે ખેતરમાં મકાઈનો પાક સાચવવા ગયેલા યુવક ઉપર રીંછે હુમલો કર્યો હતો. આ ઘટનાથી ગ્રામજનોમાં ભારે ભયની લાગણી ફેલાઈ હતી. રીંછના હુમલામાં શરીરે ઘાયલ થયેલા યુવકે સ્વબચાવ માટે સામનો કરતી વખતે પટકાતા યુવકનો હાથ ભાંગી ગયો હતો. ગંભીર રૂપે ઘાયલ યુવકને સારવાર માટે દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

દે.બારીઆ તાલુકાના ભુવાલ ગામના ૩૬ વર્ષિય રામસીંગભાઈ જશુભાઈ પટેલ વહેલી સવારના પાંચેક વાગ્યાના અરસામાં ખેતરમાં મકાઈનો પાક સાચવવા માટે ગયા હતા. તે દરમિયાન અચાનક ખેતરમાં ઘસી આવેલા રીંછે તેમની ઉપર હિંસક હુમલો કર્યો હતો. રીંછે બચકા ભરીને તેમજ નખ મારીને રામસીંગભાઈને માથાના ભાગે તથા જમણી આંખના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ સાથે જમણા ભાગે તથા ડાબી બાજુ હાથની હથેળી તથા ડાબી બાજુના પગના ઢીંચણના ભાગે પણ ઈજાઓ પહોંચાડી હતી. આક્રમક બનેલા રીંછથી સ્વબચાવ માટે રામસીંગભાઈએ બાથ ભીડી હતી રીંછ તેમનો ભાગાનો પ્રયાસ પણ નિષ્ફળ બનાવી હુમલો કરી રહ્યો હતો. ત્યારે પ્રતિકાર કરતી વખતે રામસીંગભાઈનો જમણો હાથ પણ ભાંગી ગયો હતો. રીંછના હુમલાની ઘટનાની જાણ થતાં વનવિભાગ પણ ઘટના સ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર અર્થે બારીયા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતો ત્યાંથી વધુ સારવાર માટે દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ ઘટનાને પગલે ભુવાલ ગામના લોકોમાં ભયની લાગણી ફેલાઈ જવા પામી છે.

## સરકારના બાગાયતી અને ખેતીવાડી વિભાગ દ્વારા પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતોને આર્થિક તેમજ સાધનિક સહાય કરવામા આવી રહી છે, ઉપરાંત જરૂરી માર્ગદર્શન સાથે તાલીમ પણ આપવામાં આવી

દાહોદ, ખેડૂતો વધુ પાક મેળવવા રાસાયણિક ખાતરનો જમીનમાં બેફામ છંટકાવ કરી રહ્યા છે. પરંતુ તેઓને એ ખબર નથી કે, તેઓ એક પ્રકારનુ ઝેર પકવી રહ્યા છે. રાસાયણિક ખાતર, દવા કે બિયારણ હોય જેના કારણે જમીનની ફળદ્રુપતા પર વિપરીત અસર થઈ રહી છે, સાથોસાથ મનુષ્યના સ્વાસ્થ્ય ઉપર પણ ગંભીર અસર પડી રહી છે. જેની સમય જતાં ભાવી પેઢી પર નકારાત્મક અસર પડી શકે છે. જો કે હાલના સમયમાં પણ રાસાયણિક ખાતરથી પકવેલ પાકથી મનુષ્યના સ્વાસ્થ્યને લઈને ગંભીર સમસ્યાઓ ઉદ્દભવી રહી છે.

રાસાયણિક ખેતી પદ્ધતિના ઉપયોગથી જમીન કડક બની રહી છે અને સૂક્ષ્મ જીવાણુઓની સંખ્યા ઘટી રહી છે. રાસાયણિક ખાતરો તેમજ જંતુનાશક દવાઓના છંટકાવથી પાકના ઉત્પાદનો અને પોષકતત્વોનું પ્રમાણ ઘટયું છે. આ ઓછા પોષકતત્વોવાળા ખોરાક આપણે લઈએ છીએ જેને લીધે કુપોષણ સહિત નાના - નાના બાળકોમાં પણ ગંભીર બિમારીના પ્રશ્નો વધી રહ્યા છે.

જયારે પ્રાકૃતિક ખેતી પદ્ધતિમાં દવા અને ખાતર વનસ્પતિનો કચરો અને ગાયના છાણ તથા ગૌમૂત્રના ઉપયોગથી બનાવવામા આવે છે. તેનાથી પકવેલ કોઈપણ પાક પૌષ્ટિક તથા સારી ગુણવત્તાવાળા મળે છે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવાથી અળસિયાની વૃદ્ધિ થતાં જમીન છિદ્રાળું બને છે. જેથી જમીનમાં ભેજનુ પ્રમાણ વધે છે. જેના કારણે પાણીની આવશ્યકતા ઘટી જાય છે, પાકની ઉત્પાદકતા વધે છે. આ રીતે રાસાયણિક ખાતરને બદલે ઝેરમુક્ત પ્રાકૃતિક ખેતીથી પકવેલા અનાજથી આપણુ સ્વાસ્થ્ય તંદુરસ્ત રહેવા સહિત જમીનની ફળદ્રુપતા પણ ટકી રહે છે.

પ્રાકૃતિક ખેતી એ પાકમાં થતા જીવાત અને ફુગના નિયંત્રણ માટે તેમજ દરેક અનાજ, શાકભાજી અને ફળો માટે ઉત્તમ ખેતી છે. પ્રાકૃતિક ખેતીમાં વિવિધ ઘટકોનો ઉપયોગ કરી ખાતર તેમજ દવા તૈયાર કરવામાં આવે છે. જેનાથી પાકને કોઈપણ જાતની આડઅસર થતી નથી. બધા જ પ્રકારના જંતુઓ અને રોગોને નિયંત્રણ કરવામાં ખૂબ અસરકારક છે, ઉપરાંત છોડની સંપૂર્ણ રોગપ્રતિકારક શકિતમાં વધારો કરે છે. જેથી કરીને ખેડુતો પ્રાકૃતિક ખેતી અપનાવે અને પોતાનું તેમજ બાળકોનું ભવિષ્ય સુનિસ્ચિત કરી સમાજ અને બાળકોને ઉજ્જ્વળ ભવિષ્ય આપે એ વધુ ઈચ્છનીય છે.

દાહોદ જીલ્લામાં ઘણા ખેડુતો પ્રાકૃતિક ખેતી અપનાવીને આર્થિક રીતે પણ સદ્ધર થઈ રહ્યા છે. રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકાર ખેતીલક્ષી જમીનને સ્વસ્થ રાખવા સતત પ્રયત્નશીલ છે. પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા સરકારના બાગાયતી અને ખેતીવાડી વિભાગ દ્વારા પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતોને આર્થિક તેમજ સાધનિક સહાય કરવામાં આવી રહી છે. ઉપરાંત જરૂરી માર્ગદર્શન સાથે તાલીમ પણ આપવામાં આવી રહી છે. જેમાં આત્મા પ્રોજેક્ટના સહયોગનો પણ પ્રાકૃતિક ખેતીનો બહોળો ફેલાવો થાય તે માટે નોંધપાત્ર ફાળો રહ્યો છે.

## દાહોદમાં ૧૧ વર્ષ બાદ રેલ્વેની માન્યતા ચુંટણીમાં મતદાન કરવા કતારો લાગી

દાહોદ, માન્યતા હાંસલ કરવા માટે રેલ્વે કર્મચારીઓની સંસ્થાઓનુ સિક્રેટ બેલેટ ઈલેકશન ૪ ડિસેમ્બર બુધવારના રોજ શરૂ થયુ હતુ. આ મતદાન ૬ ડિસેમ્બરુધી ચાલશે. તેમાં ૪ અને ૫ ડિસેમ્બરે નિયમિત રેલ્વે કર્મચારી મતદાન કરશે જયારે ૬ ડિસેમ્બરે રનિંગ સ્ટાફ મતદાન કરશે. દાહોદ સહિત રતલામ રેલ્વે મંડળના ૧૩૦૨૨ રેલ્વે કર્મચારી મતદારો છે. વોટીંગ માટે મંડળમાં ૨૭ મતદાન કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. તેમાં દાહોદ શહેર પણ સામેલ હોવાથી અહિં રેલ્વે સ્ટેશન સામે તેમજ રેલ્વે કારખાના ખાતે બુથ ઉભા કરાયા હતા. બુધવારના રોજ બંને સ્થળે રેલ્વે કર્મચારીઓની મતદાન કરવા માટે કતારો જોવા મળી હતી. મતદાન કેન્દ્રોમાં દિલ્હી અને અજમેરનો પણ સમાવેશ કરાયો છે. કારણ કે રતલામ મંડળના કર્મચારી ત્યાં ડેપ્યુટેશન ઉપર કામ કરી રહ્યા છે. આ વખતે મુખ્ય હરીફાઈ વેસ્ટર્ન રેલ્વે એમ્પ્લોઈઝ યુનિયન અને વેસ્ટર્ન રેલ્વે મજદુર સંઘ વચ્ચે છે. જોકે પશ્ચિમ રેલ્વે કર્મચારી પરીષદ પણ પોતાનુ જોર લગાવી રહ્યુ છે. આ મતદાનમાં મંડળના રતલામ, ઉજ્જૈન, અને ઈન્દૌર ઉપર ખાસ ફોકસ છે. કારણ કે કુલ મતદારોમાંથી ૫૦ ટકા મતદારો આ સેન્ટરના છે. ત્રણ દિવસ સુધી મતદાન સવારના ૮ થી સાંજના ૬ વાગ્યા સુધી ચાલશે. ૧૨ ડિસેમ્બરના રોજ મત ગણતરી બાદ પરિણામ જાહેર થશે.

## આપની આજ.......

મેષ: તમે પારિવારિક જીવન અને વિવાહિત જીવનમાં આનંદ અને શાંતિનો અનુભવ કરશો. પરિવારના સભ્યો અને નજીકના મિત્રો સાથે શ્રેષ્ઠ સ્થળે પ્રવાસની યોજના બનાવો અને સ્વાદિષ્ટ ભોજન લેવાની તક મળશે.

વૃષભ: આજે તમારું ધ્યાન અનિયંત્રિત બાબતો પર વધુ રહેશે. અન્ય લોકો ત્રાસ આપતા આનંદ લેશે પણ કોઈની નારાજગી પછી પરિસ્થિતિથી અજાણ રહેશે. પ્રકૃતિમાં ચંચળતા રહેશે અને દરેકની પાસેથી તમારી સાથે નમ્રતાથી વર્તન કરવામાં આવશે. કોર્ટ કેસમાં ચૂકાદો તમારા પક્ષમાં આવી શકે છે.

મિથુન: સમાજના વરિષ્ઠ લોકોના અણધાર્યા સહયોગથી મન ઉત્સાહિત થશે. ઘરેલું કામ હલ કરવામાં થોડો સમય વિતાવશો. ખર્ચને કાબૂમાં રાખવા માટે તમામ પ્રયત્નો કરો તેમ છતાં પરિવારની ખુશી માટે થોડોક ખર્ચ કરવો પડી શકે છે. ઘરવાળાના જીવનમાં સુધાર લાવવા માટે કેટલુક કામ કરવું પડી શકે છે.

કર્ક: તમને ક્ષેત્રમાં થોડી સમસ્યાઓનો અનુભવ થઈ શકે છે, પરંતુ સમયની સાથે સમસ્યાઓ પણ સમાપ્ત થઈ જશે. એક સાથે અનેક કાર્યો કરવાથી માનસિક તાણ થઈ શકે છે.

સિંહ: આજનો દિવસ કારકિર્દી અને પરિવારના સભ્યો પર વધુ કેન્દ્રિત રહેશે. નોકરીમાં ધંધો કરનારાઓને સારા કામનું વળતર મળી શકે છે. ઘરનું વાતાવરણ શાંત રહેશે અને આ બધુ તમારું માનસિક તાણ ઘટાડશે.

કન્યા: વ્યવસાયિક દૃષ્ટિકોણથી સમય સારો છે અને તમારી કાર્યશૈલીની પણ પ્રશંસા કરવામાં આવશે. લાંબા સમય પછી અંગત જીવન વિશે વિચાર કરશો. ભારે વ્યસ્તતાને કારણે લવ લાઈફમાં થોડું અંતર હોઈ શકે છે, પરંતુ વાતચીત દ્વારા બધું બરાબર રહેશે.

તુલા: આજે બહાર ચાલવું અને મનોરંજન તરફ ધ્યાનને મહત્વ આપશો નહીં. બપોરે પૈસાના આગમનથી તમે અન્ય દિવસો કરતા ખુશ થશો. પરિવાર સાથે તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો અને સામાજિક અંતરના નિયમોનું સંપૂર્ણ પાલન કરો.

વૃશ્ચિક: આ દિવસે તમારા મોટાભાગનાં કાર્યો સરળતાથી પૂર્ણ થશે, જેથી તમે ખુશ રહેશો. કૌટુંબિક સંપત્તિ મેળવવાની પ્રબળ સંભાવના છે. પરિવાર સાથે તમારા સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખો અને સલામતી સાથે ઘરની બહાર નીકળો.

ધન: ધાર્મિક કાર્યોમાં થતા ખર્ચ તમારી પ્રસિદ્ધિમાં વધારો કરશે. જો કે આરોગ્યને લગતા કેટલાક મહત્વપૂર્ણ પગલા ભરવા જરૂરી છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે કોઈ સારા સમાચાર મળશે.

મકર: વિદ્યાર્થીઓ ઈચ્છિત ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાનો માર્ગ મોકળો થશે. આજે જીવનમાં રચનાત્મક કાર્યને બદલે પ્રેમ, રોમાંસ અને ભાગ્યને વધુ મહત્વ આપવામાં આવશે. નવું કાર્ય શરૂ કરવા માટે પરિવારનો સહયોગ મળશે.

કુંભ: આ દિવસે કામકાજની બાબતો સિવાય તમારું ધ્યાન આનંદમાં રહેશે નહીં તો તમને એકાંતમાં રહેવું ગમશે. મનમાં સંતોષ જોવા મળશે, પરંતુ અંદરથી કોઈ ચોક્કસ કાર્ય માટે ચિંતા રહેશે.

મીન: દિવસની શરૂઆત ચિંતા અને ઉત્તેજનાથી થશે. આ સાથે આરોગ્યની ફરિયાદો પણ થશે. ભાવનાઓમાં ડૂબીને કોઈને પણ તમારા મન વિશે જણાવશો નહીં, નહીં તો ભવિષ્ય માટે સમસ્યાઓ ઊભી થઈ શકે છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દેવગઢ બારીયાના સિંગોરમાં થર્મલ ઈમેજિંગ ધરાવતા ડ્રોન કેમેરાથી ગાંજાનું વાવેતર ઝડપાયું:૧૩ લાખનો મુદ્દામાલ કબજે લેવાયો

દાહોદ,

દાહોદ જીલ્લામાં SOG પોલીસે ફરી એક વખત ડ્રોન કેમેરાના મદદથી દેવગઢબારિયા તાલુકાના સિંગોર ગામે ખેતરમાં તુવેરના પાકની આડમાં ગાંજાનું વાવેતર કરેલું ખેતર ઝડપી લેવામાં સફળતા સાંપડી છે. પોલીસે બાતમીના આધારે ઠૂંઠા ફળિયામાં આસપાસમાં રહેણાંક મકાનોની વચ્ચે આવેલા આવેલા ખેતરમા તુવેરની આડમાં ગાંજાના વાવેતરને થર્મલ ઈમેજિંગ ધરાવતા ડ્રોન કેમેરાથી શોધી દરોડા પાડ્યા હતા અને ૧૩,૦૦,૦૦૦ ઉપરાંતના ગાંજાના છોડ સાથે એક ઈસમની ધરપકડ કરી જેલભેગો કર્યો છે.



દાહોદ જીલ્લા પોલીસ કેટલાક સમયથી અઈ ટેકનોલોજીથી સજ્જ થર્મલ ઈમેજિંગ ધરાવતા નાઈટ વિઝન કેમેરાના મદદથી ગુનાઓ શોધવામાં સફળ થઈ રહી છે. દાહોદ એસપી ડોક્ટર રાજદીપસિંહ ઝાલાના માર્ગદર્શનમાં ટેકનોલોજીના માધ્યમથી પોલીસ પણ આધુનિક સાધનોનો વડે સ્માર્ટનેસ દાખવી રહી છે. તેવી જ રીતે ગતરોજ દાહોદ પોલીસને બાતમી મળી હતી કે, દેવગઢબારિયા તાલુકાના સીંગોર ગામનાં ઠુંઠા ફળિયામાં આવેલા ખેતરમાં તુવેરના પાકની આડમાં ગામનો જ મનહર દલસિંગભાઈ બારીયા ગાંજાનું વાવેતર કરી રહ્યો હોવાની બાતમીના આધારે SOG પી.આઈ. એસ.જે.રાણા તેમજ તેમની ટીમે સિંગોર ગામે પહોંચી થર્મલ ઈમેજિંગ ધરાવતા ડ્રોન કેમેરા ઉડાવી ઉપરોક્ત માનવ વસાહતોની વચ્ચે તુવેરના પાકની વચ્ચે ઉગાડેલા ગાંજાના છોડને શોધી કાઢી કાઢ્યા હતા અને ત્યારબાદ દરોડો પાડી ઉપરોક્ત મનહર દલસિંહ બારીયાને ઝડપી ગાંજાના ૨૧૬ છોડ જેનું વજન ૧૩૫ કિલો અંદાજે ૧૩,૦૦,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી ઉપરોક્ત પકડાયેલા ઈસમ વિરૂદ્ધ એન.ડી.પી.એસ. અંતર્ગત ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સરહદી વિસ્તારમાં અવનવા કીમીયા અજમાવી વિદેશી દારૂની હેરફેરમા સામેલ બુટલેગરોમાં સોપો

દાહોદ,

ઈન્દોર-અમદાવાદ નેશનલ હાઈવે પર પેટ્રોલિંગમાં નીકળેલી રૂલર પોલીસે બાતમીના આધારે કાળીતળાઈ નજીક આઈસર ગાડીમાં પ્લાસ્ટિકના થેલામાં કોલસાના પાવડર ની આડમાં સંતાડીને લઈ જવા તો લાખો રૂપિયાના દારૂ સાથે ચાલકની ધરપકડ કરી છે. તેમજ આ ગુનામાં વિદેશી દારૂની હેરફેર માં સામેલ કુલ ત્રણ ઈસમો સામે ગુનો દાખલ કર્યા હોવાનું જાણવા મળે છે.

મદદ પ્રદેશ તેમજ રાજસ્થાનના સરહદી વિસ્તારમાંથી ગુજરાતમાં મોટા પાયે દારૂ ઘુસાડવાના કાવતરામાં બુટલેગરો અવનવા કિમીયા અજમાવી અને દારૂની રેલમછેલ કરતા હોય છે. તેજ પ્રમાણે મદયપ્રદેશ અને ગુજરાતની બોર્ડર પર આવેલા નેશનલ હાઈવેનો સહારો લઈને મોટા પાયે વિદેશી દારૂ ઘુસાડવામાં આવતો હોય છે. જોકે વિદેશી દારૂની વધીને કડક રીતે ડામી દેવા દાહોદ જીલ્લા પોલીસ પણ હવે સક્રિય થઈ છે. ત્યારે ગઈકાલે દાહોદ તાલુકા પોલીસ હાઈવે ઉપર પેટ્રોલિંગ પર હતી. તેવા સમયે તેમને બાતમી મળી હતી કે ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે ઉપરથી MH-02-ER-2736 નંબરની આઈસર ગાડીમાં કોલસાના પાવડરની આડમાં વિદેશી દારૂ સંતાડીને લઈ જવાઈ રહ્યો છે. તેવી બાતમી આધારે તાલુકા પોલીસે હાઈવે ઉપર કાળી તળાઈ નજીક નાકાબંધી કરી અને બાતમીમાં દર્શાવેલી આઈસર ગાડી આવતા ચાલકે ગાડી ભગાડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે પોલીસે તેનો પીછો કરી આઈસર ગાડીને રોકાવતા તેમાં કોલસાના પાવડરના પોટલા મુકેલા હતા અને તેની આડમાં વિદેશી દારૂની પેટીઓ સંતાડીને લઈ જવાઈ રહી હતી. તાલુકા પોલીસે આઈસર ગાડીની તલાશી લેતા તેમાંથી પોલીસને ૨૦૦ વિદેશી દારૂની પેટીઓ જેની બોટલો કુલ નંગ ૯૬૦૦ અને તેની કિંમત ૧૨ લાખ ૯૬ હજારનો વિદેશી દારૂનો કુલ ૨૩,૦૨,૫૦૦ રૂપિયાનો દારૂનો મુદામાલ કબ્જે કરી અને દારૂ કયાથી કયા લઈ જવાઈ રહ્યો હતો. તેની વધુ તપાસ દાહોદ તાલુકા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે. પોલીસે ઉપરોક્ત બનાવમાં વિદેશી દારૂનો માલ મોકલનાર મનોજ શંકરલાલ રાવત રહેવાસી ઈન્દોર કનાડિયા સરસ્વતીનગર, વડોદરા ગોલ્ડન ચોકડી ખાતે દારૂનો માલ મંગાવનાર વ્યક્તિ તેમજ અન્ય એક મળી ત્રણ ઈસમો સામે ગુનો દાખલ કર્યો છે.

# દે.બારીયા નગર પાલિકાની સામાન્ય સભા ચુંટણીની ઘોષણા થશે ખરી ? કે પાછળ લંબાઈ શકે છે ???

દાહોદ,

દાહોદ જીલ્લાની બે નગર પાલિકાની સામાન્ય ચુંટણી ૨૦૨૩ થી વહિવટી અધિકારી જણાવે છે. આમ જનતાના કાર્યો થતા નથી. જેવા સ્વચ્છ ભારત મીશન અંતર્ગત આવાસ, ઓફિશીયલ કાર્યો માટે અનેક ધરમના ધક્કા ખાવાનો વારો છે. માત્ર જયાં કટકી થઈ શકે તેવા કાર્યો આર.સી.સી.રોડ તેમજ હાલમાં ચાલતા ડામર એપ્રોચ રોડ જેનો કન્યાશાળાના વેપારીઓ તથા ત્યાંના રહિશો આ રોડ બનાવવા માટે વિરોધ દર્શાવી ચુકયા છે. તેમનું કહેવું છે કે, રોડ બનાવો પણ જુનો રોડ ખોદીને નવો આર.સી.સી. રોડ બનવો જોઈએ. આ વિસ્તારના કાર્ય બંધ કરીને અન્ય વિસ્તારનો રોડ બનાવવાનું એ પણ રાત્રીમાં શરૂ પણ થઈ ગયું છે. આ વહિવટી અધિકારીઓ સાથે સાંઠગાંઠ નથી તો શું ? છે.

મળતા સુત્રો અનુસાર નગર પાલિકામાં ઉમેદવારી માટે બક્ષીપંચના દાખલા મેળવવા માટે હોડ લાગી છે. તેમજ ચુંટણી પંચ પાડેલો પોપટ ના બની જાય નવા વોટર્સના નામો દાખલ કરી નવી વોર્ટસ લીસ્ટ બહાર પાડી દાહોદ જીલ્લાની બે નગર પાલિકા દે.બારીયા તથા ઝાલોદ પાલિકાની સામાન્ય ચુંટણીની પ્રક્રિયા માટે પરિપત્ર બહાર પડે તેવી શહેરીજનોની માંગ છે. આ બાબતે સોચવિચાર જીલ્લા ચુંટણી અધિકારી નગર પાલિકામાં લોકતંત્રને જીવંત કરાવે અને બાબુશાહીથી છુટકારો અપાવે તેવી શહેરીજનોની માંગ છે હવે એ જોવાનું છે કે, ચાલુ માસના મધ્ય સુધી પાલિકાની સામાન્ય ચુંટણી ઘોષણા થશે કે પછી પાછળ લંબાઈ જશે તે તો આવનારો સમય બતાવશે શહેરજનો ચુંટણીની આતુરતા સાથે કાગડોળે રાહ જોઈને બેઠા છે. જેમાં બે મત નથી.

# દેવગઢ બારીયાના ડાંગરિયામાં બીજી પત્ની લાવ્યા બાદ પ્રથમ પત્નીને પતિ તેમાં સાસુ દ્વારા ત્રાસ આપતા પરિણીત મહિલાની પોલીસમા રાવ

દાહોદ,

દેવગઢ બારીયાના ડાંગરિયામાં બીજી પત્ની લાવ્યા બાદ પ્રથમ પત્નીને શારીરિક અને માનસિક ત્રાસ આપતા પરણીતાએ પછી તેમજ સાસુ વિરૂદ્ધ ગુનો દાખલ કરાવ્યાનું જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢબારિયા તાલુકાના મોટીઝરી બસ સ્ટેશન પાસે રહેતી અરૂણાબેનના લગ્ન ૮/૫/૨૦૧૮ ના રોજ દેવગઢ બારીયા તાલુકાના ડાંગરિયા પીટીસી કોલેજ પાસેના રહેવાસી રોશનભાઈ હિતેશભાઈ સોલંકી સાથે થયા હતા. લગ્નના પાંચ વર્ષ દરમિયાન પતિ હિતેશ તથા સાસુ કલાબેન સોલંકી દ્વારા રોશનીબેનને સારી રીતે રાખ્યા હતા. પરંતુ તાજેતરમાં હિતેશભાઈએ બીજા લગ્ન કરતા પ્રથમ પત્ની રોશની બેનને પતિ હિતેશ તેમજ સાસુ કલાબેન દ્વારા અવારનવાર મેના ટોણા મારી શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતા પતિ તેમાં સાસુના અસહ્ય ત્રાસી વાજ આવેલી રોશનીબેન સોલંકી એ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા મહિલા પોલીસે દોસ્તી બેનના પતિ હિતેશ સોલંકી તેમજ તેમની માતા કલાબેન સોલંકી વિરૂદ્ધ દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ખેલમહાકુંભનું આયોજન હાથ ધરાશે

દાહોદ

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે ખેલમહાકુંભનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં શાળા/ગ્રામ્ય, તાલુકા/ઝોન કક્ષાનું આયોજન જીલ્લા/મહાનગરપાલિકા કક્ષા ખાતે કરવામાં આવશે, ત્યારબાદ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ શકશે.ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત શાળાકક્ષાએ અં-૯, અં-૧૧, અં-૧૪ અને અં-૧૭ ની વયજુથમાં ખેલ મહાકુંભની એથ્લેટીક્સ રમતમાં તમામ શાળાઓએ ફરજીયાત ભાગ લેવાનો રહેશે. ખેલ મહાકુંભ ૩.૦ માટેનું ઓનલાઈન રજીસ્ટ્રેશન તા.૦૫/૧૨/૨૦૨૪ થી શરૂ થશે જેની છેલ્લી તા.૨૫/૧૨/૨૦૨૪ સાંજે ૬:૦૦ સુધીની રહેશે. ઉપરાંત કોલેજમાં અભ્યાસ કરનાર ખેલાડીઓએ ખેલ મહાકુંભ ૩.૦ માં ભાગ લેવા માટે નિયત વયજુથમાં તમામ ખેલાડીઓ દ્વારા ફરજીયાત https://khelmahakumbh.gujarat.gov.in વેબસાઈટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. તેમ જીલ્લા રમત વિકાસ અધિકારી, જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, દેવગઢ બારીયા, દાહોદની એક અખબારી યાદીમાં જણાવાયું છે.




Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.90

# ગોધરા તાલુકાના પોપટપુરા આદિવાસીની જમીનમાં યુસુફી કલીમુદ્દીન બલુવાલાએ એન્ટ્રી મંજુર કરવાની ખોટું બારીયા (ક્ષત્રીય)નું પ્રમાણપત્ર રજુ કરી એન્ટ્રી મંજુર કરાવી તેની એસ.આઈ.ટી. તપાસ માટે રજુઆત

## આદિવાસીની ૭૩ એએ નિયંત્રણવાળી જમીન પડાવી લેવામાં ભુમાફિયાનું કારસ્તાન.

**પંચમહાલ સમાચાર**

ગોધરા તાલુકાના પોપટપુરાના રે.સર્વે નંબર ૭૩/૨ પૈકી ૫ પૈકી ૪ તથા ૭૩/૨ પૈકી ૫ / પૈકી ૩ / પૈકી ૧ વાળી જમીનમાં અરજદારની જાણ બહાર ગોધરા યુસુફી કલીમુદ્દીન બલુવાલા એ રજીસ્ટર દસ્તાવેજ કરેલ છે અને એન્ટ્રી મંજુર કરાવવા માટે નાણાંકીય લેવડ-દેવડ કરી જે જગ્યાએ આદિવાસી ભીલની છે. તેનું બારીયા (ક્ષત્રીય)નું ખોટું પ્રમાણપત્ર મેળવી એન્ટ્રી મંજુર કરાવેલ છે. તેની એસઆઈટી ગોધરા દ્વારા તપાસ કરવામાં આવે તેવી જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરાઈ છે.

ગોધરા તાલુકાના પોપટપુરા ગામના અરજદાર લીલાબેન મગન રૂપા ડામોરની દિકરી તે નીનામા મડાભાઈની વિધવા એ વારસાઈ નોંધ નં.૫૧૬૨ થી અમારા પિતા મગન રૂપા ડામોર જે આદિવાસી ભીલ ડામોર છે અને રે.સર્વે નંબર ૭૩/૨ પૈકી ૫ પૈકી ૪ તથા ૭૩/૨ પૈકી ૫/ પૈકી ૩/પૈકી ૧ વાળી જમીન રેવન્યુ રેકર્ડ ઉપર ૭૩ એએ એન્ટ્રી નંબર ૧૧૫૮ થી સરકારના હુકમથી અમલમાં છે. અરજદારની જાણ થયેલ હતી કે,ગોધરાના યુસુફી કલીમુદ્દીન બલુવાલાએ આ જમીનમાં વેચાણ દસ્તાવેજ કરેલ છે અને ૭૩ એએ વાળી જમીનમાં એન્ટ્રી મંજુર કરવામાં નાણાંકીય લેવડ-દેવડ કરી તે જે જગ્યા આદિવાસી ભીલની છે. તેમાં બારીયા (ક્ષત્રીય)નું ખોટું પ્રમાણપત્ર લાવીને એન્ટ્રી મંજુર કરાવેલ છે. તેની એસ.આઈ.ટી. ગોધરા દ્વારા તપાસ કરાવામાં આવી છે. જીલ્લા કલેકટર ગોધરા તથા તકેદારી આયોગ ગાંધીનગર કચેરીમાં લેખિત ફરિયાદ આવેલ છે. તકરારી કેસ ૧૬૧/૨૦૨૪, ૧૬૩/૨૦૨૪ થી પ્રાંત અધિકારી ગોધરા તથા કલેકટરને લેખિતમાં આધાર પુરાવા આપવામાં આવેલ છે. તેમ છતાં યોગ્ય તપાસ થતી નથી. તેમાં પણ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે યુસુફી કલીમુદ્દીન બલુવાલા સાથે મીલીભગત હોવાની પૈસાના જોરે અરજદારની અરજીની તપાસ કરાતી નથી. આ આની તપાસ થાય તો એન્ટ્રી નંબર ૧૧૫૮ના રેકર્ડ ઉપરથી થાય તેમ છે.આ જગ્યામાં અરજદારનું મકાન આવેલ હતું. તે મકાન પણ ભુમાફિયાઓ દ્વારા તોડી નાખવામાં આવેલ છે. યુસુફ કલીમુદ્દીન બલુવાલા, અલી યુસુફી બલુવાલાએ જમીનમાં ફેન્સીંગ વાડ કરીને કબ્જો કરેલ છે. જેને લઈ અરજદાર દ્વારા એસ.આઈ.ટી. દ્વારા તપાસની માંગ કરાઈ છે. તે મુજબ તપાસ કરી આદિવાસી ગરીબ અરજદારને ન્યાય અપાવશે તે જોવું રહ્યું.

# ગોધરા પાલિકાના સેનેટરી ઈન્સ્પેકટરોની યોગ્ય સફાઈ માટે જવાબદાર ગણી પ્રાદેશિક કમિશ્નર વડોદરા દ્વારા બદલી કરાઈ

ગોધરા,

રાજય સરકાર દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪ અને સ્વચ્છતા વિષયની કામગીરી માટે ખૂબ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આવા સમયે ગોધરા નગરપાલિકાની સ્વચ્છતાની કામગીરી યોગ્ય રીતે ના થતી હોય તેવી વારંવાર અરજીઓ ધ્યાને આવેલ છે. ઉપરાંત માનવ અધિકાર આયોગમાં પણ રજુઆતો થયેલ છે. જેથી ગોધરા નગર પાલિકામાં સ્વચ્છતાની કામગીરી સુચારૂ રૂપથી થાય, નગરપાલિકાના તમામ વિસ્તારમાં સ્વચ્છતા જળવાઈ રહે ડોર ટુ ડોર કલેકશન થાય,રાત્રી સફાઈ થાય અને સ્વચ્છતાની કામગીરીની દેખરેખ માટે સંદર્ભિત પત્રથી દેવગઢબારિયા (રવીન્દ્રસિંહ રાઠોડ) અને શહેરા (જીતેન્દ્રસિંહ રાઠોડ) નગરપાલિકાના ૨ કર્મચારીને આ કામ માટે હવાલો સોપવામાં આવેલ. વહીવટી અનુકૂળતા સારૂં અને તેઓની મુળ નગરપાલિકામાં કામગીરીની જરૂરિયાત જણાતા હવાલો પરત લેવામાં છે. અને નવીન કર્મચારીઓને વધારાનો હવાલો આપવામાં આવે છે. જેમાં ચેતન જોષી - (અઠવાડિયામાં બે (૨) દિવસ) (ઝોનલ મેનેજર - આઈટી, પ્રાદેશિક કમિશનર નગર પાલિકાઓ, વડોદરા ઝોન)તેમજ મયુર ગોહેલ-(અઠવાડિયામાં બે (૨) દિવસ) (સેનેટરી ઈન્સ્પેકટર, કાલોલ નગર પાલિકા) આમ, બંને કર્મચારીઓ ગોધરા નગર પાલિકામાં તેઓને અઠવાડિયામાં ઉપરોકત દર્શાવેલ દિવસની સંખ્યા મુજબ ગોધરા નગર પાલિકાની સ્વચ્છતા સંબંધીત કામગીરી માટે ફરજ બજાવવા હુકમ કરવામાં આવે છે. ઉપરોક્ત બંને કર્મચારીએ ગોધરા નગર પાલિકામાં ફરજ બજાવતા સેનેટરી ઈન્સ્પેક્ટરો અને સફાઈ સુપરવાઈઝરને સાથે રાખી સફાઈ કામગીરી કરાવવાની રહેશે અને સ્વચ્છતાને લગતા ફિલ્ડ કામગીરીનો રિપોર્ટ ફોટોગ્રાફ સહિત અત્રેની પ્રાદેશિક કમિશનર કચેરીએ રજુ કરવાનો રહેશે અને તેઓ દ્વારા સફાઈની કામગીરી અને ડોર ટુ ડોરની કામગીરી અસરકારક થાય તે માટે સુપરવિઝન અને યોગ્ય આયોજન કરી અઠવાડિક રિપોર્ટ આપવાનો રહેશે. આ હુકમની અમલવારી અન્ય બીજો હુકમ ન થાય ત્યાં સુધી તાત્કાલિક અસરથી કરવાની રહેશે.

ઉપરોકત બંને કર્મચારીઓની ગોધરા નગર પાલિકાની સ્વચ્છતાની કામગીરી પ્રમુખ અને ચીફ ઓફિસરના માર્ગદર્શન અને સૂચના મુજબ કામગીરી કરવાની રહેશે. તેમજ કાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસરે ઉપરોક્ત કર્મચારીની આ વધારાની કામગીરીની નોંધ સેવાપોથીમાં કરવાની રહેશે.

# કાલોલ-વડોદરા ટોલ રોડ ઉપર ટ્રાન્સપોર્ટ વાહનો દ્વારા ૨૧ ડીસેમ્બરના રોજ ટોલ ટેકસ ભરવાનું બંધ કરશે તેવી સી.એમ.ને રજુઆત

કાલોલ,

ગુજરાતના વડોદરા-હાલોલ રોડ બનાવવામાં કરવામાં આવેલ ખર્ચની સામે અનેક ગણો ટોલટેકસ વસુલવામાં આવ્યો છે. છતાં આજે પણ તેના ઉપર ટોલટેકસ વસુલવાનું ચાલુ રાખવામાં આવ્યું છે. જેના વિરોધમાં ગુજરાતમાં ૧૯ લાખ કોર્મશીયલ વાહન ધારકો તા.૨૧ ડિસેમ્બર થી ટોલ રોડ ઉપર ટોલ ટેકસ ભરવાનો ઈન્કાર કરશે અને અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોશીએસન દ્વારા ટોલનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે.

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોશીએસનના પૂર્વ પ્રમુખના જણાવ્યા મુજબ સરકાર સાથે રસ્તો બનાવવાનો કરાર કર્યો તેમાં કંપનીને ૨૦ ટકા વાર્ષીક નફો મળવો જોઈએ તેવી શરત મુકી હતી. આમ, રૂ.૫૦૦ કરોડના ઈન્વેસ્ટમેન્ટ પર ૧૦૦ કરોડનો નફો કરવાની શરત મુકવામાં આવી હતી. નાણાંકીય વર્ષ દરમિયાન કંપનીને ૧૦૦ કરોડનો નફો ન થાય અને ૭૫ કરોડનો નફો થાય તો બાકીની ૨૫ કરોડ મુદ્દીમાં ઉમેરાય અને તેના પર ૨૦ ટકાનો નફો કરવાની છુટ મળવી જોઈએ. તેવી શરત રાખવામાં આવી હતી. આ મુજબ તેને ૨૦૩૦ના વર્ષ સુધી ટોલ વસુલવાની છુટ મળે છે. આ શરતને આધિન ૨૦૧૦ના વર્ષમાં ગુજરાત સરકારે રૂ.૧.૯૧૦ કરોડ રીકવર કરવાની છુટ આપી હતી. આ રકમ ૨૦૩૦ના વર્ષ સુધી રીકવર કરવાની દરખાસ્ત મુકવામાં આવી છે. પરંતુ ૨૦૩૦ સુધીમાં રૂ.૧.૯૨૦ કરોડ વસુલ ન થાય તેમ હોવાનું જણાવી કંપની એ તેની ટોલ ટેક્સ વસુલવાની મુદ્દત ૨૦૪૦ સુધી લંબાવી આપવાની માંગણી મુકે છે. આમ, કંપની આજીવન મુદ્દત વધાર્યા જ કરશે તેવી ટ્રાન્સપોર્ટસને દહેશત છે. તેથી વિરોધ સામે આવી રહ્યો છે. જેને લઈ વડોદરા-હાલોલ તેમજ અડાલજ-મહેસાણા ટોલ રોડ ઉપર ટોલ વસુલવાનું સરકાર બંધ કરે તે માટે અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોશીએશન દ્વારા ૨૧ ડિસેમ્બરથી બન્ને ટોલ પ્લાઝા ઉપર તમામ ટ્રાન્સપોર્ટ વાહનો ટોલ ચુકવવાનો બહિષ્કાર કરશે તેવો નિર્ણય લેવામાં આવ્યો.

# ગોધરા શહેર સીટી ટ્રાફિક પોલીસ ચોકી પાસેથી ખાનગી વાહનોમાં ટ્રાફિક પોલીસની આગળથી મુસાફરોની હેરાફેરી



ગોધરા,

શહેરનાં કેટલાક જાહેર વિસ્તારોમાં સીટી ટ્રાફિક પોલીસ દ્વારા માત્ર ગ્રામીણ વિસ્તારમાંથી આવતા કામદારો, મજૂરોને દંડ ફટકારી પોતાની મૂછો આમળી રહ્યા છે પણ મોટા વાહનો સામે કાર્યવાહી ક્યારે કરશે ? કે પછી ખિસ્સા ગરમ થઇ જાય એટલે કોઈ કાર્યવાહી નહી.

ગોધરા શહેરમાં હાલ ટ્રાફિક નિયમન કથળેલી હાલતમાં જોવા મળી રહ્યું છે. જાહેર માર્ગો ઉપર જ્યાં જુઓ ત્યાં ખાનગી વાહન ચાલકો ડેરા જમાવીને ટ્રાફિક પોલીસ ની શેહ શરમ વગર અથવા તો ટ્રાફિક પોલીસની રહેમ નજર હેઠળ બિન્દાસ્ત બેખોફ બની પેસેન્જરોની હેરાફેરી કરી રહ્યા છે. ત્યારે શહેરનાં અનેક જાહેર ટ્રાફિક પોઈન્ટ ઉપર ટ્રાફિક બ્રિગેડનાં કર્મચારીઓ તો પોતાની ફરજ નિભાવી રહ્યા છે, પણ જે ટ્રાફિક પોલીસ છે તે ટ્રાફિક નિયમન માટે હાથ પગ પણ હલાવતા નથી. ત્યારે ગોધરા શહેરમાં સવારે અને સાંજે ઓફિસ સમયે તો વાહન ચાલકો કંટાળી જાય છે. ત્યારે ગોધરા શહેરમાં અનેક ટ્રાફિક પોઈન્ટ ઉપર ગ્રામ્ય વિસ્તારો માંથી આવતા મજૂર, કામદાર, શ્રમિકોને ટ્રાફિક પોલીસ દ્વારા જાત જાતના દંડ ફટકારી કાર્યવાહી કરી પોતાની મૂછો આમળતા હોય છે. પણ જ્યારે ખરેખર કોઈ મોટા શેઠ કે માણસની ગાડીને ચેક કરવાની કે કાગળ માંગવાની હિંમત પણ કરતા નથી તો શું રોજ કમાઈને રોજ ખાવાવાળા શ્રમિકો ઉપર જ પોતાની વર્દીનો રોફ બતાવે છે. ત્યારે આ મામલે જીલ્લાનાં પોલીસના ઉપરી અધિકારીઓ આવા કર્મચારીઓના કાન આમળે તે જરૂરી થઈ પડચું છે અને માત્ર ગરીબ અને શ્રમિક વર્ગને પોતાના ટાર્ગેટમાં નાં લે પણ જરૂરી થઈ પડચું છે.

# ગોધરા શહેરના પોલન બજાર વિસ્તારમાં આવેલી પેઢીઓ અને વેપારીઓને ત્યાં આઈટી વિભાગના દરોડા



ગોધરા,

ગોધરા શહેરનાં પોલન બજાર વિસ્તારમાં આજરોજ વહેલી સવારથી આઈટી વિભાગ દ્વારા વેપારીઓને ત્યાં સર્ચ હાથ ધરવામા આવતા વેપારી આલમમા દોડધામ મચી જવા પામી છે. જાણીતી ઓટોમોબાઈલ હબમાં પણ રેડ પાડવામા આવી હતી અને તપાસ હાથ ધરાઈ હતી. પંચમહાલ જીલ્લાના ગોધરા શહેરમા આઈટી વિભાગ દ્વારા પોલનબજાર વિસ્તારમાં આવેલી કેટલીક દુકાનો અને પેઢીઓમાં સર્ચ હાથ ધરવામા આવતા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. કેટલીક ઓટોમોબાઈલની દુકાનોમા પણ સર્વે હાથ ધરવામા આવ્યો હતો. જેમાં કેસરી ઓટો જે જાણીતું ઓટોમોબાઈલ હબ છે, ત્યાં પણ તપાસ હાથ ધરવામા આવી રહી હોવાની વિગત જાણવા મળી રહી છે. ગોધરા શહેરના પોલન બજાર વિસ્તારમાં ઈન્કમટેકસ વિભાગના દરોડા પાડવામાં આવ્યા છે. ઈન્કમટેકસ વિભાગની ટીમો દ્વારા કેસરી ઓટોમાં સર્વે હાથ ધરવામાં આવ્યો. ગોધરામાં ઈન્કમટેકસ વિભાગના દરોડાના પગલે સ્થાનિક વેપારીઓમાં ફફડાટ વ્યાપ્યો છે. ઈન્કમટેકસ વિભાગના અધિકારીઓ દ્વારા કેસરી ઓટોની તમામ દુકાનોમાં સર્ચ કરવામાં આવી રહ્યું છે.

# ગોધરા નગરજનો ગંદકી અને પ્લાસ્ટીક ઉપયોગ કરતાં ઝડપાશે તો ૫૦૦ રૂ.નો દંડ કરાશે

ગોધરા,

સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત વડોદરા પ્રાદેશિક કમિશનર દ્વારા ગોધરા નગર પાલિકાની સ્વચ્છતાની બાબતને દયાનમાં રાખીને શહેરા નગર પાલિકા અને દેવગઢ બારીયા નગર પાલિકાના બે સેનેટરી ઈન્સ્પેકટરની નિમણૂંક કરવામાં આવી હતી. ત્યારે બંને સેનેટરી ઈન્સ્પેકટરોને વહીવટી અનુકૂળતા માટે અને તેઓની મૂળ નગર પાલિકાઓમાં કામગીરીની જરૂરિયાત જણાતા હવાલો પરત લેવામાં આવતા સેનેટરી ઈસ્પેક્ટરોની પુનઃ શહેરા અને દેવગઢબારિયા ખાતે મોકલી દેવામાં આવ્યા છે. જેના કારણે ગોધરા નગર પાલિકા ઈન્ચાર્જ સિનિયર સેનેટરી ઈન્સ્પેકટર આર.કે.મહેતા, સુરપાલસિંહ સોલંકી, મનોજભાઈ ચૌહાણ, સહલ મનસુરી સહિત નગર પાલિકાની ટીમ આજરોજ એકશનમાં આવી હતી. જેમાં જાહેર માર્ગ ઉપર ગંદકી ફેલાવનાર અને સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપયોગ કરનાર વેપારીઓને તાકીદ કરવામાં આવ્યા હતા કે જો હવે પછી જાહેર રોડ ઉપર કચરો કર્યો અથવા તો ગંદકી કરી તો કાયદેસર રીતે રૂ.૫૦૦ નો દંડ વસૂલ કરવામાં આવશે. માટે દરેક વેપારીઓ પોતાની દુકાનમાં ડસ્ટબીન ફરજીયાત રાખે અને જાહેરમાં ગંદકી ન કરે તે માટે જરૂરી સૂચનો કર્યા હતા.

આજરોજ ગોધરા નગર પાલિકાના સેનેટરી ઈસ્પેકટરો સહિતની નગર પાલિકાની ટીમ ગોધરા શહેરના પાંજરાપોળ થી શરૂ કરી અને ચર્ચ સુધી જેટલા પણ વેપારીઓ છે, તેઓને સૂચનાઓ આપવામાં આવી હતી. જેમાં જો હવે પછી જાહેરમાં ગંદકી અથવા પ્લાસ્ટિકનો ઉપયોગ કર્યો તો કાયદેસરની કાર્યવાહી કરી દંડ વસૂલ કરવામાં આવશે. માટે કોઈપણ દુકાનદારે જાહેરમાં કચરો નાખવો નહીં અને પોતે પોતાની દુકાનમાં ડસ્ટબીન રાખવું અને કચરો ડસ્ટબીન નાખો તેમજ સિંગલ પ્લાસ્ટિક યુઝનો ઉપયોગ ન કરવા માટે વેપારીઓને જાહેરમાં સૂચનાઓ આપવામાં આવી હતી.જેમાં ગોધરા શહેરના જાહેર રોડ ઉપર ગંદકી ફેલાવનાર વેપારીઓ અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ગેરકાયદેસર ઉપયોગ કરનારા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે.

# ડેરોલ સ્ટેશન મગનપુરી પાસેની તલાવડીમાં માટી ખનન કરતાં ૧ JCB અને ૪ ટ્રેક્ટર સહિત કુલ રૂ.૪૫ લાખ ઉપરાંત નો મુદ્દામાલ ખાણ કબજે કર્યો



કાલોલ,

કાલોલ તાલુકાના ડેરોલસ્ટેશન ગ્રામ પંચાયતની હદ વિસ્તારમા આવેલા મગનપુરી પાસે આવેલ તલાવડી માંથી માટી ખનન કરતાં ખનિજ માફીયાઓ સામે પંચમહાલ જીલ્લા ભૂસ્તર શાસ્ત્રીની ટીમે રેડ કરતાં એક ઉંઈઈ અને ચાર ટ્રેક્ટર ઝડપી પાડ્યાં.

કાલોલ તાલુકાના ડેરોલસ્ટેશન ગ્રામ પંચાયતની હદ વિસ્તારમા આવેલા મગનપુરી પાસે આવેલ તલાવડીમાં ૫ ડિસેમ્બરના રોજ ડેરોલ સ્ટેશનના કેટલા ભૂમાફિયાઓ દ્વારા માટીનું ખનન કરવામા આવી રહ્યું હોવાની બાતમી ગોધરા ભૂસ્તર શાસ્ત્રીને મળતાં તેમની ટીમ ડેરોલસ્ટેશન મગનપુરી પાસે આવેલ તલાવડી પોહચી જતાં ખાણ ખનિજની ટીમે કરી ૧ JCB અને ૪ ટ્રેક્ટર ઝડપી પાડયા હતા. ડેરોલ ગ્રામ પંચાયત વિસ્તારોમાં બે ફામ રીતે માટી ખનન થતું હોવા છતા ડેરોલ સ્ટેશન ગ્રામ પંચાયતના સરપંચ તલાટી કે ગ્રામ પંચાયતના કોઈપણ ઠરાવ કે મંજૂરી વગર માટી ખનન કરવામાં આવતુ હોવાનુ સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે. ગ્રામ પંચાયતના તલાટી અને પંચાયત બોડીને જાણ બહાર ધોળા દિવસે થતા ખનન સામે ખાન ખનીજ વિભાગની ટીમે કુલ ૫ વાહણો સહિત અંદાજીત ૪૫ લાખનો મુદામાલ કબજે કરી ગોધરા કલેકટર કચેરી કમ્પાઉન્ડમાં સીઝ કરવામાં આવ્યો હતો.

# હાલોલ મસવાડ જીઆઈડીસીમાં આવેલ કોરસ ઈન્ડીયા કંપની ખાણ ખનિજ વિભાગે રેઈડ કરી માટી ચોરીમાં ત્રણ વાહનો સહિત ૪૦ લાખનો મુદ્દામાલ ઝડપ્યો

હાલોલ,

હાલોલના મસવાડ જીઆઈડીસીમાં આવેલ કોરસ ઈન્ડીયા લી. કંપની દ્વારા ખુલ્લી જગ્યામાં નવુ યુનિટ ઉભું કરવા માટે બેઝમેન્ટનું ખોદકામ કરવામાં આવી રહ્યું હતું અને ખોદકામ દરમિયાન નિકળતી માટી કંપની બહાર સગેવગે કરવામાં આવે છે. તેવી બાતમી પંચમહાલ ખાણ ખનિજ વિભાગે મળી હતી. રાત્રીના સમયે ચેકીંગ કરી જેસીબી, બે ટ્રેક્ટર સહિત ૪૦ લાખનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

હાલોલના મસવાડ જીઆઈડીસીમાં આવેલ ઓટો સ્પેરપાર્ટનું ઉત્પાદન કરતી કંપની દ્વારા માટીની ચોરી કરવામાં આવે છે. તેવી બાતમી પંચમહાલ જીલ્લા ખાણ ખનિજ વિભાગને મળી હતી. ખાણ ખનિજ વિભાગની ટીમ દ્વારા કોરસ ઈન્ડીયા લી.કંપનીના નવા યુનિટના બાંધકામ માટે વિશાળ બેઝમેન્ટનું ખોદકામ કર્યુ હતું. જેમાંથી નિકળી માટી ખાણ-ખનિજ વિભાગની મંજુરી વગર અને સરકારી રોયલ્ટી પાસ વગર કંપની દ્વારા અન્ય ઠેકાણે ગેરકાયદેસર લઈ જવાતી હોય તે સ્થળે ખાણ ખનિજ વિભાગના અધિકારી દ્વારા રેઈડ કરવામાં આવી હતી. ખાણ ખનિજ વિભાગ દ્વારા જેસીબી અને બે ટ્રેક્ટર મળી ૪૦ લાખ રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યા હતા. ખાણ ખનિજ વિભાગ દ્વારા ઝડપેલ વાહનો હાલોલ ખાતે સીઝ કરવામાં આવ્યા છે. જયારે કંપની સામે માટીની ચોરી અને રોયલ્ટી ચોરી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# કાંકણપુર ખાતે "બાળવિવાહ મુક્ત ભારત અભિયાન" અંતર્ગત કાર્યક્રમ યોજાયો

પંચમહાલ,

બાળ વિવાહ મુકત ભારત અભિયાન અંતર્ગત એમ.જી.શાહ હાઈસ્કૂલ, કાંકણપુર ખાતે કાર્યક્રમ પુષ્પેન્દ્રસિંહ સોલંકી તથા સ્નેહાબેન ગોસાવીના મુખ્ય મહેમાનપદે યોજાયો હતો.

આ પ્રસંગે કાર્યક્રમના મુખ્ય મહેમાન પુષ્પેન્દ્રસિંહ સોલંકીએ બાળ વિવાહ મુક્ત ભારત અભિયાનનીવિદ્યાર્થીઓને સમજ આપી બાળ લગ્ન કેમ ના થવા જોઈએ તે અંગે ઉપસ્થિતોને માહિતગાર કર્યા હતાં. તેમજ કાર્યક્રમમાં બાળ વિવાહ, પોકસો એક્ટ , જે જે ઍક્ટ , બાળકોની યોજનાઓ વિશે જાણકારી આપી હતી અને બાળ વિવાહરોકવા માટે કોને ફરિયાદ કરવી, કયો નંબર ડાયલ કરવો જેવા તમામ પ્રશ્નો અંગે જાણકારી આપવામાં આવી હતી. એટલુ જ નહિં પરંતુ મહાનુભવો દ્વારાવિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

સ્નેહાબેન ગોસાવી દ્વારા પાલક માતા-પિતા યોજના વિશે માહિતી આપી હતી તથા સૌને બાળ લગ્ન મુક્ત ભારત અભિયાન હેઠળ શપથ લેવડાવવામાં આવ્યા હતાં.

અ । કાર્યક્રમમાંશાળાના આચાર્ય કુલદિપભાઇ દ્વારા સ્વાગત પ્રવચન, મીનાબેન ડામોર દ્વારા કાર્યક્રમની શરૂઆત તેમજ મહેન્દ્રભાઈ ઠાકોર દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

આ પ્રસંગે કુમાર શાળાના આચાર્ય રાકેશભાઈ પટેલ, કન્યાશાળાના આચાર્ય, શાળાના મંત્રી વાડીલાલભાઈ પટેલ, આચાર્ય કુલદીપભાઈ, શાળાના શિક્ષકો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ગોધરામાં પશુધારા હેઠળ નોંધાયેલા ગુનાના આરોપીને નિર્દોષ છોડી મુકવાનો કોર્ટનો હુકમ

ગોધરા,

ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બે વર્ષ પૂર્વે દુધાળા પશુઓને કતલખાને લઈ જવામાં આવતાં હોવાના પશુ ધારા અધિનિયમ હેઠળ બે આરોપીઓ સામે નોંધવામાં આવેલા ગુન્હા સંદર્ભમાં ગોધરા સેશન્સ કોર્ટ દ્વારા બંને આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાના હુકમ કર્યો છે અને ખોટી ફરીયાદ દાખલ કરનારા પોલીસ કર્મચારીઓ તેમજ સાક્ષી અને પંચમા રહેલા બે ઈસમો સામે કાયદેસરની ફરિયાદ દાખલ કરવાનો હુકમ કરવામાં આવતા પોલીસબેડામા ખળભળાટ મચી જવા પામ્યો છે.

મળતી વિગતો અનુસાર ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં તા.૧-૮-૨૦૨૨ નારોજ ખેડા જીલ્લાના રૂદણ ગામેથી બોલેરો પિકપવાન ગોધરા ખાતે દુધાળા પશુઓ જર્સી ગાય, ભેંસ અને વાછરડીને કતલના ઈરાદે લાવવામાં આવી છે. જેથી સરકાર પક્ષે ફરિયાદી આસિસ્ટન્ટ હેડ કોન્સ્ટેબલ દ્વારા આરોપીઓ નઝીરમિયાં શફીમિયાં મલેક(મહેમદાવાદ) અને ગોધરાના જુના જકાતનાકા પાસે રહેતા ઈલ્યાસ મોહમ્મદ દાવલા સામે ગુન્હો દાખલ કરાયો હતો. આ મામલો ગોધરા સેશન્સ અદાલતમાં જતા દલીલોમા આરોપીઓ તરફે વકીલ આઈ.એ.ખાતુડાની અસરકારક દલીલોના અંતે અદાલત દ્વારા બંને આરોપીઓને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

એમાં ઈલ્યાસ મોહમ્મદ દાવલાને દુધાળા પશુઓને સુપ્રત કરવા અથવા તો પશુઓ પરત ના કરી શકતા હોય તો નુકશાની પેટે રૂ.૮૦ હજાર ૯% ના વ્યાજ સાથે ચૂકવવા ફરમાન કરવામાં આવ્યું હતું. આ આદેશ સાથે સરકાર તરફે ખોટી ફરીયાદ દાખલ કરનારા ૩ પોલીસ કર્મચારીઓ અને ૨ સાક્ષીઓ સામે બી.એન.એસ.એકટની કલમ હેઠળ શિક્ષાપાત્ર ગુન્હો દાખલ કરવા માટે ગોધરા સેશન્સ કોર્ટના રજીસ્ટારને હુકમ કર્યો હતો.

# ગોધરા (શહેર) તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૪ મી ડિસેમ્બરના રોજ યોજાશે

પંચમહાલ,

ગોધરા (શહેર)તાલુકા માટેનો તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા.૨૪/૧૨/૨૦૨૪ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે તાલુકા સેવા સદન, ગોધરા ખાતે યોજાશે.આ તાલુકાકક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ માટે નાગરિકો/અરજદારો/પ્રજાજનોએ તેઓના સેવાકીય, કોર્ટ મેટર, રહેમરાહે નોકરી, પેન્શન, નિતિવિષયક તથા આક્ષેપો કરતી અરજી સિવાયના પ્રશ્ન લેખિતમાં આગામી તા.૧૨/૧૨/૨૦૨૪ સુધીમાં મામલતદાર કચેરી, ગોધરા ખાતે રૂબરૂ અથવા ટપાલ દવારા અરજી મારફતે મોકલી આપવાની રહેશે.અરજદારોએ એક અરજીમાં ફકત એક જ ફરિયાદ/પ્રશ્ન રજૂ કરવાનો રહેશે. અરજદારોએ પ્રશ્નના કવર તેમજ અરજી ઉપર તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ એમ સ્પષ્ટ લખવાનું રહેશે. અરજદારે અરજીની અંદર પોતાનું નામ તથા સરનામુ અને પોતાનો ટેલીફોન કે મોબાઈલ નંબર અથવા સંપર્ક નંબર અવશ્ય લખવાનો રહેશે. તાલુકા સ્વાગતમાં અરજદારે લાંબા સમયના પડતર પ્રશ્નો અંગે જ અરજી કરવાની રહેશે. તાલુકા કક્ષાના પ્રશ્ન માટે તાલુકાના જવાબદાર અધિકારીને કરેલ રજુઆતની નકલ અરજી સાથે જોડવાની રહેશે. આ કાર્યક્રમમાં અરજદાર જાતે રૂબરૂ પોતાના પ્રશ્નની રજૂઆત કરી શકશે અને કોઈ વકીલ કે અન્ય વ્યક્તિ દ્વારા રજૂઆત કરાવી શકશે નહિ. તેમજ તા.૧૨/૧૨/૨૦૨૪ સુધીમાં મળેલ અરજીઓનો જ ચાલુ માસના સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે તેમ મામલતદાર ગોધરા(શહેર) દ્વારા એક યાદીમાં જણાવાયું છે.